# પ્રારંભિક અહેવાલ ટૂંકાણમાં

તા. 3 મે 2024 નાં રોજ, કમિશ્નર Marie-Josée Hogue દ્વારા તેણીનો પ્રારંભિક અહેવાલ જાહેર કરવામાં આવ્યો. તેમાં વિદેશી હસ્તક્ષેપ કમિશનના કામનો પહેલો તબક્કો પૂરો થયો, જેમાં કમિશને હજારો દસ્તાવેજોની સમીક્ષા કરી અને 21 દિવસો સુધી ચાલેલી સુનાવણીઓ દરમિયાન 60 થી વધારે સાક્ષીઓને સાંભળવામાં આવ્યા.

પ્રારંભિક અહેવાલનો મુખ્ય હેતુ જાહેર જનતાને વિદેશી હસ્તક્ષેપ શું હોય છે, આપણે કેમ તેનાથી સાવચેત રહેવું જોઇએ, છેલ્લી બે સામાન્ય સંઘીય ચૂંટણીઓમાં તે કેવી રીતે સ્પષ્ટ થયું, અને સરકારે તેનો પ્રતિભાવ કેવી રીતે આપ્યો તેની વધારે સારી સમજ આપવાનો છે.

પ્રારંભિક અહેવાલમાં જાણવા મળેલા મુખ્ય મુદ્દાઓ, ઘટનાઓ અને તારણોનો સારાંશ નીચે આપ્યો છે.

## વિદેશી હસ્તક્ષેપ હોય છે...

**નવી બાબત નથી.** તે દાયકાઓથી કેનેડામાં અને દુનિયાભરમાં રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો રહ્યો છે. પરંતુ તે બદલાતા ભૌગોલિક રાજકારણ અને ટેકનોલોજીને પ્રતિબિંબિત કરીને, વિકસી રહ્યો છે.

**સતત.** કેનેડામાં વિદેશી હસ્તક્ષેપની સતત આધારરેખા જોવા મળી છે. તે એવું કંઇક નથી જે માત્ર ચૂંટણીઓ દરમિયાન થતું હોય.

વિદેશી શાસન, કે તેઓ વતી કાર્યરત લોકો દ્વારા કરાતી **ગુપ્ત, ભ્રામક, કે અંગત રીતે ધમકીભરી પ્રવૃત્તિઓ**, જે કેનેડાના હિતોને નુકસાન પહોંચાડનારી હોય છે.

**હંમેશા સ્પષ્ટ અને દેખીતી ના હોય.** વ્યવહારમાં, વિદેશી પ્રભાવ (કાયદેસર) અને વિદેશી હસ્તક્ષેપ (ગેરકાયદેસર) વચ્ચેની રેખા દોરવી મુશ્કેલ બની શકે છે. ઘણી વાર એક ગ્રે ઝોન હોય છે જ્યાં વિદેશી અભિનયકારો પોતાના હિતોને આગળ વધારવા ગુપ્ત પ્રવૃત્તિઓમાં પ્રવૃત્તમય રહેવા સ્થાપિત, કાયદેસર ચેનલોનો ઉપયોગ કરે તેવું બની શકે.

**બહુમુખી.** સરકારી અને બિન-સરકારી અભિનયકારો જેઓ વિદેશી હસ્તક્ષેપમાં પ્રવૃત્તમય હોય:

- **કેનેડાની લોકશાહી સાથે હસ્તક્ષેપ કરવા શ્રેણીબદ્ધ દાવપેચોનો ઉપયોગ કરે,** દાખલા તરીકે લાંબા-ગાળાના સંબંધો કેળવીને પોતાના લક્ષ્ય, નાણાકીય સહાયતા, લાંચ, બ્લેકમેઇલ (ગેરવસૂલી), ધાકધમકીઓ, સાઇબર હુમલાઓ, દુષ્પ્રચાર ઝુંબેશો અને પ્રોક્સીઓનો ઉપયોગ કરવો (એ લોકો જેઓ વિદેશી શાસનની દિશા મેળવીને પ્રશ્નાર્થ પ્રવૃત્તિ અને વિદેશી શાસન વચ્ચેની કડીને ઢાંકેલી રાખે).

- **ઘણાં જુદા જુદા સમૂહોને લક્ષ્ય બનાવે**: ઉમેદવારો અને ચૂંટાયેલા અધિકારીઓ, સરકારી નોકરો અને રાજકીય કર્મચારીઓ, મતદાતાઓ, હિત સમૂહો (દા.ત. દાતાઓ, લોબિસ્ટ્સ (સમર્થન અભિયાન ચલાવનારાઓ) અને સામુદાયિક સમૂહો બંને)) અને મીડિયા (મુખ્ય પ્રવાહના મીડિયા આઉટલેટ્સ અને સામુદાયિક સ્રોતો બંને).

- **પ્રવાસી યહૂદી સમુદાયોના (ડાયસ્પોરા) સમુદાયોના સભ્યોને લક્ષ્ય બનાવવામાં,** નોંધપાત્ર રીતે અસંતુષ્ટોને શાંત કરવામાં, વિદેશી શાસનના સંદેશાઓને વિસ્તૃત કરવામાં, જનતાના મંતવ્યને નિયંત્રિત કરવામાં અને મતભેદ ઊભો કરવામાં **નિશ્ચિત રસ ધરાવતા હોઈ શકે.** ડાયસ્પોરા સમુદાયોના સભ્યો

વિદેશી હસ્તક્ષેપથી તેઓના મૂળ દેશોમાં તેઓના કુટુંબીજનોને ધમકીઓ સહિતના, સૌથી વધારે પૈકી અમુક નુકસાનકારક પ્રભાવો અનુભવે.

વધુ વિગતો માટે:

*પ્રકરણ 4 – વિદેશી હસ્તક્ષેપ શું હોય છે?*
*પરિશિષ્ટ B – પ્રશ્ન-જવાબ: ચૂંટણીઓ, વિદેશી હસ્તક્ષેપ અને તપાસ પંચો*

## વિદેશી હસ્તક્ષેપોના પ્રભાવો

પ્રારંભિક અહેવાલ સ્પષ્ટ છે: વિદેશી હસ્તક્ષેપ છેલ્લી બે કેનેડિયન સામાન્ય ચૂંટણીઓમાં થયો હતો.

પીપલ્સ રિપબ્લિક ઑફ ચાઇના ("PRC") હાલમાં સૌથી વધારે દૃઢ અને કુશળ વિદેશી હસ્તક્ષેપ ખતરો કેનેડા માટે બની રહ્યું છે ત્યારે, કમિશને તપાસેલી ગુપ્ત માહિતી અન્ય દેશોની સાથે સાથે રશિયા, ભારત, પાકિસ્તાન અને ઇસ્લામિક રિપબ્લિક ઑફ ઇરાનને પણ, કેનેડામાં વિદેશી હસ્તક્ષેપ અભિનયકારો તરીકે ઓળખે છે.

આ હકીકતને ધ્યાનમાં લેતા, પ્રારંભિક અહેવાલ 2019 અને 2021 ની સામાન્ય ચૂંટણીઓ વિશે શ્રેણીબદ્ધ પ્રશ્નો, અને વિદેશી હસ્તક્ષેપથી તેના પર પડેલા પ્રભાવને ધ્યાનમાં લે છે. આ પ્રશ્નો અને કમિશ્નરના તારણોનો સારાંશ નીચે આપેલો છે.

### શું વિદેશી હસ્તક્ષેપથી ચૂંટણી તંત્રની અખંડિતતા જાતે નબળી પડી?

ના. બંને ચૂંટણીઓ રાષ્ટ્રીય અને વ્યક્તિગત બંને રાઇડિંગ લેવલ્સમાં એકીકૃતપણે યોજાઈ હતી. મતદાતાઓ પોતાના મત આપી શક્યા હતા અને તેઓના મતોને નોંધીને ગણતરી કરવામાં આવી હતી. કોઈ વિપરીત પરિસ્થિતિ થઈ હોવાનો કોઈ પુરાવો નથી.

### શું વિદેશી હસ્તક્ષેપનો પ્રભાવ જે પક્ષ 2019 કે 2021 માં સત્તામાં આવ્યો તેની પર પડ્યો?

ના, એવું થયું નહીં. લિબરલ પાર્ટી 2019 અને 2021 માં વિદેશી હસ્તક્ષેપથી કે તેના વગર સરકારમાં હોત.

### શું વિદેશી હસ્તક્ષેપનો પ્રભાવ કોઈ ચૂંટણી પરિણામોમાં રાઇડિંગ લેવલ (સીટ મેળવવા) પર પડ્યો હતો?

એ શક્ય છે કે પરિણામોમાં સીટોની નાની સંખ્યા પર પ્રભાવ પડ્યો હોય, પરંતુ આ ચોક્કસપણે કહી શકાતું નથી. આ સીટોમાં, વિદેશી હસ્તક્ષેપનો પ્રભાવ સંસદમાં કોણ ચૂંટાયું અથવા કયા પક્ષે સીટ જીતી તેની પર અસર કરીને, નામાંકન સ્પર્ધાઓ અને ચૂંટણી ઝુંબેશ બંને પર પડી શકતો હતો.

### શું વિદેશી હસ્તક્ષેપનો પ્રભાવ બહોળા ચૂંટણી તંત્ર પર પડ્યો?

તેવું થયું. ચોક્કસ ચૂંટણી પરિણામો પર પ્રભાવને ધ્યાનમાં લીધા વગર, પ્રારંભિક અહેવાલમાં નિર્દિષ્ટ ઘટનાઓએ એક માહિતગાર મત આપવાની અમુક મતદાતાઓની ક્ષમતા સંભવિતપણે ઘટાડી, જેનાથી પ્રક્રિયા પર લાંછન લાગ્યું. આ પ્રભાવ આજની તારીખ સુધી સંભવિતપણે સાધારણ રહ્યો છે પરંતુ ભવિષ્યમાં વધારે ગંભીર બની શકે.

### શું વિદેશી હસ્તક્ષેપથી કેનેડિયન લોકશાહીમાં જનતાનો વિશ્વાસ નબળો પડ્યો?

અફસોસ કે તેવું થયું. લોકશાહી અને સરકારમાં વિશ્વાસ નબળો પાડવો એ વિદેશી હસ્તક્ષેપમાં પ્રવૃત્તમય ઘણાં શાસનોનો મુખ્ય હેતુ હોય છે. આ કદાચ વિદેશી હસ્તક્ષેપના પરિણામસ્વરૂપે કેનેડાને થયેલું સૌથી મોટું નુકસાન છે.

### શું વિદેશી હસ્તક્ષેપનો પ્રભાવ દરેક પર એકસરખો પડ્યો?

એવું થયું નહીં. જ્યારે બધાં કેનેડિયનો વિદેશી હસ્તક્ષેપનો ભોગ બને ત્યારે, વિદેશી હસ્તક્ષેપના માધ્યમો અને પદ્ધતિઓ કેનેડામાં ડાયસ્પોરા સમુદાયોને નિશ્ચિત રીતે નુકસાન પહોંચાડે છે. તેઓના અનુભવો ન જ અવગણવા રહ્યાં, અને તેઓ પર ચોક્કસ ધ્યાન આપવામાં આવશે.

---

આ તારણો પર વધુ વિગતો માટે, જુઓ *પ્રકરણ 8 – પ્રભાવોનું મૂલ્યાંકન કરવું*

## તમે અન્ય માહિતી પ્રારંભિક અહેવાલ જોઇને મેળવશો

| *અહેવાલની ઝાંખીઓ* | *અનુક્રમણિકા* |
|---|---|
| 15 પાનાના પ્રારંભિક અહેવાલના મુખ્ય તારણોનો સારાંશ દર્શાવે છે | પ્રારંભિક અહેવાલની સંપૂર્ણ ઝાંખી આપે છે |

કમિશન (પંચ) નીમવા સુધી આગળ વધેલી ઘટનાઓની ક્રમવાર સમીક્ષા.

→ *પ્રકરણ 1 – વિદેશી હસ્તક્ષેપ પર પંચ કેવી રીતે રચાયું*

---

કમિશનનો આદેશ અને તેઓએ પોતાનું કામ કેવી રીતે ગોઠવ્યું છે તેને લગતી વિગતો.

→ *પ્રકરણ 2 – કમિશનના આદેશનો અવકાશ (સ્કોપ)*
→ *પરિશિષ્ટ C – કમિશનની કામગીરીઓ અને સંસ્થા*

---

ગુપ્ત માહિતી અને વર્ગીકૃત માહિતીને સંબંધિત નિયમો અને વિભાવનાઓ, અને કમિશને પારદર્શિતા અને જુદા જુદા સુરક્ષા હિતોને સંતુલિત કરવા અપનાવેલો અભિગમ.

→ *પ્રકરણ 3 - પારદર્શકતા અને રાષ્ટ્રીય સુરક્ષા ગોપનીયતા*

---

ગુપ્તચર સંસ્થાઓ અને અન્ય સંઘીય એકમો અને પ્રક્રિયાઓની વિગતો જે વિદેશી હસ્તક્ષેપ, અને સરકારમાં માહિતી ફેલાવાની રીત પર પ્રતિભાવ આપતી હોય.

→ *પ્રકરણ 5 - કેનેડા વિદેશી હસ્તક્ષેપ સામે કેવી રીતે પ્રતિભાવ આપે છે?*

---

2019 ની સામાન્ય ચૂંટણીમાં વિદેશી હસ્તક્ષેપના ચોક્કસ આક્ષેપો, અને સરકારનો પ્રતિભાવ → *પ્રકરણ 6 - 2019 ની સામાન્ય ચૂંટણી*

દાખલા તરીકે:

- ડોન વેલી નોર્થ (ઓન્ટેરિયો)માં લિબરલ પાર્ટીના નામાંકનમાં અનિયમિતતાઓ.
- ગ્રેટર વાનકુવરમાં પ્રવૃત્તિઓમાં PRC નો હસ્તક્ષેપ.
- કેનેડામાં જાણીતા અને શંકાસ્પદ PRC-સંબંધિત ખતરનાક અભિનયકારોના સમૂહને $250K ની નાણાકીય સહાયના આક્ષેપો.
- કેનેડામાં પાકિસ્તાન સરકારના અધિકારીઓના કેનેડિયન સંઘીય રાજકારણને ગુપ્તપણે પ્રભાવિત કરવાના પ્રયત્નો.
- *Buffalo Chronicle (બફેલો ક્રોનિકલ)* નામક વેબસાઇટ પર પ્રધાનમંત્રી વિશે નકારાત્મક લેખો.

---

2021 ની સામાન્ય ચૂંટણીમાં વિદેશી હસ્તક્ષેપના ચોક્કસ આક્ષેપો, અને સરકારનો પ્રતિભાવ → *પ્રકરણ 7 - 2021 ની સામાન્ય ચૂંટણી*

દાખલા તરીકે:

- કેનેડાની કન્ઝર્વેટિવ પાર્ટીની કાર્યનીતિના મંચ, તેના નેતા Erin O'Toole, અને સ્ટીવેસ્ટન-રિચમંડ ઇસ્ટ (બ્રિટિશ કોલંબિયા)માં તેઓના ઉમેદવાર Kenny Chiu ને લક્ષ્યાંકિત બનાવતી ખોટી માહિતી.
- ગ્રેટર વાનકુવર વિસ્તારમાં નવા ડેમોક્રેટિક પાર્ટીના MP Jenny Kwan અને અન્ય ઉમેદવારોને લક્ષ્યાંકિત બનાવતી શંકાસ્પદ વિદેશી હસ્તક્ષેપ પ્રવૃત્તિઓ.
- ભારત સરકાર તરફથી સંભવિત ગુપ્ત નાણાકીય સહાયતા.
- શંકાસ્પદ રશિયન ખોટી માહિતી ફેલાવવાની પ્રવૃત્તિ.

## કમિશનના કાર્યનો બીજો તબક્કો અને જનતા સાથે સલાહ-મસલત

કમિશનનું કામ પૂરું થવાને બહુ સમય જશે અને બીજો તબક્કો પહેલેથી ચાલુ છે.

આ તબક્કામાં, કમિશન વિવિધ શાસનોના અભિનયકારો અને પ્રક્રિયાઓની ક્ષમતા તપાસીને વિદેશી હસ્તક્ષેપ શોધી કાઢશે, અટકાવશે અને આ ક્ષમતા મજબૂત બનાવવાની રીત પર ભલામણો કરશે.

કમિશન અન્ય બાબતોની સાથે, આ કરશે:

- વિદેશી હસ્તક્ષેપ ગુપ્તચર અને માહિતી સરકાર, જાહેર જનતા અને વિદેશી હસ્તક્ષેપ સામે સંભવિતપણે નબળા લોકો ને પહોંચાડવાની રીત પર, અને શું આપણી ગુપ્તચર સંસ્થાઓ વધારે માહિતી જાહેર કરે તે સલાહભર્યું છે કે કેમ તેની પર ધ્યાન આપશે.

- ઓનલાઇન દુષ્પ્રચાર અને ખોટી માહિતીને પ્રતિભાવ આપવાના પડકારો સમાવી શકતા શ્રેણીબદ્ધ મુદ્દાઓ ધ્યાનમાં લો.

- નામાંકન સ્પર્ધાઓનું સંચાલન કરતા નિયમો, અથવા નિયમોની ઊણપો તપાસો. પહેલા તબક્કાએ બતાવ્યું છે કે આ સ્પર્ધાઓ ખાસ કરીને વિદેશી હસ્તક્ષેપ સામે નબળી હોય છે.

### સાર્વજનિક સલાહ-મસલત

વિદેશી હસ્તક્ષેપથી આપણી લોકશાહી માટે નકારાત્મક પરિણામો આવે અને વધે તેવી શક્યતા રહે છે સિવાય કે તે શોધી કાઢવા અને વધારે સારી રીતે સામનો કરવા નક્કર પગલા લેવામાં આવે. તે નિરુત્સાહ કરવું રહ્યું, અને તેની અસરો ઓછી કરવી રહી જેથી આપણી લોકશાહી અને બધાં કેનેડિયનોનું સંરક્ષણ થઈ શકે.

આ કારણસર જ કમિશને જાહેર સલાહ-મસલત પ્રક્રિયા સ્થાપી છે. જાહેર જનતાના બધાં સભ્યો, અને ખાસ કરીને ડાયસ્પોરા સમુદાયોના સભ્યોને આપણી લોકશાહી સંસ્થાઓમાં વિદેશી હસ્તક્ષેપને સંબંધિત મુદ્દાઓ પર પોતાના અનુભવો અને વિચારો જણાવવા આમંત્રિત કરવામાં આવે છે.

કમિશનની જાહેર સલાહ-મસલત પ્રક્રિયા વિશે વધુ માહિતી અહીં જોઈ શકાય છે: *https://foreigninterferencecommission.ca/public-consultation*

કમિશ્નર Hogue દ્વારા તેણીનો અંતિમ અહેવાલ ડિસેમ્બર 2024 માં જાહેર કરવાનું આયોજન રહ્યું છે.